પાલનપુરની રહીમ હોટલમાં ગોળીબાર મામલે પાંચ આરોપીઓ ઝડપાયા

આરોપી પાસેથી ઓલ ઇન્ડિયા હથિયારનો બોગસ પરવાનો મળતા કેસમાં નવો વળાંક

પાલનપુર, તા.૧૩

પાલનપુર શહેર માં રહિમી હોટલ માં થયેલ ફાયરિંગ ના ગુનામાં પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે પોલીસે આરોપીઓ પાસેથી ફાયરિંગ માં ઉપયોગ થયેલ રિવોલ્વર અને કારતુસ પણ જપ્ત કર્યા છે ફાયરિંગમાં ગુનામાં મુખ્ય આરોપી અફઝલખાન ઉર્ફે લાલો નજીરખાન ઘાસુરા પાસેથી શંકાસ્પદ ઓલ ઇન્ડિયા નો હથિયાર પરવાનો મળી આવતા પોલીસ પણ ચોકી ઉઠી છે અને આ પરવાનાની પોલીસ તપાસ માટે સંબંધિત વિભાગને મોકલવામાં આવી છે જોકે હાલમાં અફઝલ નામના આરોપી પાસેથી મળેલ ઓલ ઇન્ડિયા હથિયાર નો પરવાનો પ્રાથમિક તબકકે બોગસ હોવાનું માલુમ પડ્યું છે પાલનપુર રહિમી હોટલમાં બે ગેંગ વચ્ચે થયેલ સામસામે ફાયરિંગમાં પાંચ રાઉન્ડ ગોળીબાર પણ થયો છે જેમાં ચાર લોકોને ઈજા થઈ હતી.જે આરોપી તરીકે હોવાથી હાલમાં પોલીસ બંદોબસ્ત સાથે સારવાર લઈ રહ્યા છે પાલનપુરમાં ધોળા દિવસે થયેલા ફાયરિંગમાં કુલ ૧૫ આરોપી સામે સામસામે પોલીસે ફરિયાદ દાખલ કરી છે જેમાં સારવાર લઈ રહેલા ચાર આરોપીઓ તેમજ અન્ય પાંચ આરોપીઓને પોલીસે ઝડપી પાડી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે બનાસકાંઠા જીલ્લા પોલીસ વડા નીરજ બડગુજર એ ફાયરિંગના કેશમાં પત્રકારો સાથે પ્રેસ કોન્ફન્સ યોજી વિગતો આપતા જણાવ્યું હતું કે સીસી કેમેરામાં કેદ થયેલ સામસામે ફાયરિંગ ના વિડીયો વધુ તપાસ માટે એફ.એસ.એલ ને મોકલી દેવામાં આવ્યા છે તેમજ ફાયરિંગના ગુનામાં ફરાર આરોપીઓને પોલીસે શોધખોળ શરુ કરી દીધી છે પાલનપુર રહિમી હોટલ ખાલી કરવાના મુદ્દે ફાયરિંગનો મુખ્ય આરોપી અફઝલ ઉર્ફે લાલો નજીરખાન ઘાસુરા પાસેથી ઓલ ઈન્ડિયા હથિયાર નો પરવાનો પોલીસના હાથે લાગતા આ કેશમાં નવો વળાંક આવવાની શક્યતા છે. સૂત્રો દ્વારા માલતીમાહિતી મુજબ અફઝલ ઘાસુરા ઉર્ફે લાલો બનાસકાંઠાની આર.ટી.ઓ ચેક પોસ્ટ પર ગેરકાયદેસર ઓવરલોડ વાહનો નીકળવામાં ફોલ્ડર તરીકેની મહત્વની ભૂમિકા ભજવતો હતો અગાઉ પણ આર.ટી.ઓ ચેક-પોસ્ટ ના મામલે પોલીસ દફ્તરે ગુના નોંધાયેલા છે. જોકે એ.સી.બી અફઝલ ઘાસુરા ની મિલ્કત ની તપાસ કરે તો કરોડો ની અપ્રમાણસર નું મોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

મોડાસામાં દારૂની હેરાફેરી કરતુ નરોડાનુ બુટલેગર દંપતિ

મોડાસા, તા. ૧૩

અમદાવાદના નવાનરોડા વિસ્તારમાં આવેલા સ્વામિનારાયણ પાર્કમાં રહેતું બુટલેગર દંપતી રાજસ્થાનના સીમલવાડા તાલુકાના વીરપુર ગામેથી ગેરકાયદેસર પાસપરિમીટ વગર ટાટા ઈન્ડિકા કારમાં ૨૮૮૦૦ રૂપિયાના બિયરના ટીન ભરી લઈ જતા મોડાસાના વણિયાદ-કુણા ગામ નજીકથી અરવલ્લી જિલ્લા પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલ.સી.બી પોલીસે મોડાસાના વણિયાદ-કુણા નજીકથી મંગળવારે બપોરે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ત્યાંથી પસાર થતી ઈન્ડિકા કાર(ગાડી.નં-જીજે.૨૩.એ. ૧૨૬૪) ને અટકાવી તલાશી લેતા કારમાંથી બિયરની પેટી-૧૨ જેમાં પતરાના ટીન નંગ-૨૮૮ જેની કિંમત રૂપિયા ૨૮૮૦૦ ગેરકાયદેસર વગર પાસ પરમીટનો જથ્થો ઝડપી પાડી પતિ-પત્ની દંપતી ચંદ્રકાન્ત વિનોદભાઈ પરમાર અને ગીરાબેન ઉર્ફે ટીનાબેન ચંદ્રકાન્તભાઈ પરમાર(બંને રહે. બી/૨૮,૨૦૩ સ્વામિનારાયણ પાર્ક, નવા નરોડા, અમદાવાદ)ને વેચાણાર્થે લઈ જતા દબોચી લઈ બિયરના ટીન ભરી આપનાર ડુંગરપુર (સીમલવાડા)ના વીરપુર ગામના વિશાલ નામના શખ્સ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કારની કિંમત રૂ.૨૦૦૦૦૦ મળી તથા રોકડ રકમ મળી કુલ રૂ. ૨૨૮૯૧૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરામાં વીજતંત્રની બેદરકારીના પગલે પ્રજા ત્રાહીમામ્... ત્રાહીમામ્

વીજતાર તૂટતા રાત્રે ૪ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાયો : વારંવાર ટ્રિપિંગ આવવા છતાં તંત્ર દ્વારા કોઈ જ નક્કર પગલા લેવાતા નથી

ધનસુરા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ધનસુરા પંથકમાં છેલ્લા કેટલાય સમયથી વીજ પુરવઠાને લઈ પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વારંવાર વીજ પુરવઠો બંધ થઈ જતાં તેમજ ચાલુ વીજ પ્રવાહે વીજ તાર તુટી જવા જેવા કારણને લઈ કલાકો સુધી વીજ પુરવઠો બંધ રહેતા ધનસુરા પંથકના નગરજનો રોષે ભરાયા છે. તા. ૧૨ના રોજ કરણપુર નજીક વીજ લાઈનના તાર તુટી જતા સવારે ૮ થી બપોરે ૧.૧૫ કલાક સુધી વીજ પ્રવાહ બંધ થતાં સરકારી કચેરીઓ, ઉદ્યોગો બેન્કોના તમામ કામકાજ બંધ થઈ ગયા હતા અને અસહ્ય ઉકળાટ વચ્ચે શાળાના બાળકો અને લોકો તોબા પોકારી ઉઠ્યા હતા. છેલ્લા કેટલાય સમયથી ધનસુરા વીજ કચેરીના ધાંધિયાને આમ પ્રજા સહન કરી રહી છે.

તા. ૧૨ને મંગળવારના રોજ સવારે ૮ કલાકથી બપોરે ૧.૧૫ કલાક સુધી ધનસુરામાં વીજ પુરવઠો ખોરવાઈ જતાં લોકો પારાવાર મુશ્કેલીમાં મુકાયા હતા. સરકારી કચેરીઓ, બેન્કોમાં ઓનલાઈન કામકામજ સ્થગિત થઈ ગયુ હતુ. આજ તારીખે મંગળવારે પુનઃ સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી વીજપુરવઠો ખોરવાઈ જતાં લોકોનો રોષ વધી ગયો હતો. ૧૨ કલાકમાં ૯ કલાક લાઈટ બંધ રાખતાં ધનસુરાની પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ હતી. એક બાજુ વરસાદ અને અસહ્ય ઉકળાટથી લોકો ત્રસ્ત બની પંખા એસી ચાલુ કરવા જતાં ત્યારે આવા સમયે સતત વીજળી પુરવઠો બંધ થતાં જીઈબી ધનસુરાના વહીવટ સામે લોકોમાં ઉગ્ર રોષ પ્રવર્તે છે.

ભિલોડા તાલુકાના જનાલીટાંડા પ્રાથમીક શાળામાં

બે શિક્ષકો, ત્રણ ઓરડાની ઘટના કારણે વિદ્યાર્થીઓને હાલાકી

ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાના જનાલીટાંડા પ્રાથમીક શાળામાં બે શિક્ષકો,ત્રણ ઓરડાની ઘટ હોવાના કારણે વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.જનાલીટાંડા પ્રાથમીક શાળામાં બે શિક્ષકો અને ત્રણ ઓરડાની ઘટ હોવાના કારણે શાળાના વિદ્યાર્થીઓના ભાવી સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય રહ્યું છે.

જનાલીટાંડા ગામના સામાજીક કાર્યકર લક્ષ્મણભાઈ હરીભાઈ વણઝારા, કેશાભાઈ ગણેશભાઈ વણઝારા, વાલીઓ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે એસ. એમ. સી. કમિટી અધ્યક્ષ, ઉપાધ્યક્ષએ શાળા મિંટીગમાં ઠરાવ પસાર કરી સી.આર.સી., બી.આર.સી., ટી.કે.એન. ભિલોડા, ડી.પી.ઓ. મોડાસા, શિક્ષણમંત્રી, મુખ્યમંત્રી ગાંધીનગર સુધી ઉચ્ચ કક્ષાએ લેખિત, મૌખિક ધારદાર રજુઆતો વારંવાર કરવા છતાં આજ દિન સુધી કોઈ નિરાકરણ આવેલ નથી તેમ જણાવ્યું હતું.

જનાલીટાંડા પ્રાથમીક શાળામાં અંદાજીત ૩૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ત્યારે વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેંડા થઈ રહ્યા હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે.જનાલીટાંડા ગામના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે જનાલીટાંડા પ્રાથમીક શાળામાં બે શિક્ષકો અને ત્રણ ઓરડાની માંગ સત્વરે નહી સંતોષવામાં આવે તો એસ.એમ.સી.ના સભ્યો, વાલીઓ, ગ્રામજનો ધ્વારા જનાલીટાંડા પ્રાથમીક શાળાને ટુંક સમયમાં તાળાબંધી કરવામાં આવશે. ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવામાં આવશે. વિધાનસભા ચુંટણી દરમ્યાન મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પ્રાથમીક શાળાઓમાં લાલીયાવાડી ચાલતી હોવાના કારણે ગરીબ, મધ્યવર્ગના વિદ્યાર્થીઓના ભાવી સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમીક શાળાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકો શાળાઓમાં સમયસર આવતા નથી. વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપતા નથી ત્યારે વિદ્યાર્થીઓના ભાવી સાથે રીતસરના ચેંડા થઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

બનાસકાંઠામાં પુરની આફત વેળાએ થરાદના સેવાભાવી

પ્રજાની પડખે રાત દિવસ મહેનત કરી માનવ જીંદગીઓ બચાવતા આંબાભાઈ સોલંકી

આંબાભાઇની સાથે ખભે ખભા મિલાવતા સેવાભાવી ચેતનભાઇ સંઘવી

પાલનપુર, તા. ૧૩

બનાસકાંઠામાં ભારે વરસાદ અને રાજસ્થાનના જેતપુર ડેમ (બંધ) ઓવરફલો થયા બાદ ભારે તબાહી સર્જાઈ હતી. તે વેળાએ જીલ્લાના સરહદી એવા થરાદ અને ધાનેરામાં ભારે તહસ નહસ સર્જાતા માનવો, પશુઓની ભારે જાનખુવારી અને માલ મિલકતને નુકશાન પહોંચ્યું હતું. ત્યારે ગત તા. ૨૧ મી જુલાઈથી તા. ૨૫ મી જુલાઈ. ૨૦૧૭ સુધી થરાદના કોંગ્રેસના તાલુકા પ્રમુખ આંબાભાઈ સોલંકી અને તેમના સાથીદાર ચેતનભાઈ સંઘવી અને તેમની ટીમ થરાદ અને આજુબાજુ પુરમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે ખસેડી રાત દિવસ જોયા વગર વહીવટી તંત્ર, સરકાર ક્યારે આવે તેની રાહ જોયા વગર અનેક ગામડાઓ જેવા કે પાવડાસણ, દિપડા, વાતડાઉ, નાગલા સહીત પાંત્રીસેક ગામોમાં રહેતા લોકોને માથા સુધી વરસાદી પુરમાંથી દોરડા વડે ખેંચી જીંદગી બચાવી હતી. ત્યાં પહોંચેલા કલેકટર દિલીપ રાણાએ તેમની અમુલ્ય સેવાઓને બિરદાવી હતી. બચાવેલા લોકોને ફુડ પેકેટ, સરસામગ્રી, કપડા, તંબુ સહિત ૪ લાખ ૨૫ હજાર રૂ. નો પોતાનો ખર્ચ કરી સાચા અર્થમાં લોક સેવક સાબીત થયા છે. તેઓએ એક મુલાકાતમાં જણાવેલ કે આ આપત્તિ હજુ પણ અનેક ગામોમાં પાણી ભરાયેલા છે. સરકારે આ અંગે તાકાદે કામગીરી હાથ ધરવી જોઈએ. અનેક પરિવારોને રોજી રોટી મકાન અને તેમના બાફકોના શિક્ષણ માટે તાકીદે વ્યવસ્થા કરવી જોઈએ.

પ્રાંતિજ સહિત વિસ્તારમાં પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી

બાદમાં ધીમી ધારે વરસાદ : બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યો

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિત વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને તેજ પવન બાદ ધૂળની ડમરીઓ ઉડી હતી.

પ્રાંતિજ સહિત વિસ્તારોમાં અસહ્ય ગરમી ઉકળાટ બાદ અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા પહેલા કાળા વાદળો ધસી આવ્યા હતા અને અંધાર છવાયો હતો અને બાદમાં એકદમ તેજ પવન ફુંકાતા ચઢી આવેલ કાળા વાદળો વિખરાઈ ગયા હતા અને ધૂળની ડમરીઓ ઉડી હતી. જયારે ગાજવીજ સાથે ધીમી ધારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવાં પામી હતી અને નગરજનોને અસહ્ય ગરમી બફારાથી રાહત થતાં હાશકારો અનુભવ્યો હતો.

જાપાનના વડાપ્રધાન આબે અને ભારતના વડાપ્રધાનના હસ્તે ઉદ્‌ઘાટિત થનારા પ્રકલ્પોમાં એક

ગણપત યુનિવર્સિટીના આંગણે ઉભુ થયેલું મારૂતિ-સુઝુકી જાપાન ઈન્ડિયા ઈન્સ્ટિ. ફોર મેન્યુફેક્ચરિંગ (જિમ)નું પણ લોકાર્પણ

ગણપત યુનિવર્સિટી, તા. ૧૩

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજે જાપાનના વડાપ્રધાન શિંઝો સાબે અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્‌ઘાટિત થનારા અનેક પ્રકલ્પોમાં ગણપત યુનિવર્સિટીના આંગણે મારૂતિ સુઝુકી દ્વારા પ્રોત્સાહિત મારૂતિ-સુઝુકી જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્યુફેક્ચરિંગ (જિમ)નો પણ સમાવેશ થાય છે.

જાપાન સરકારની મિનિસ્ટ્રી ઓફ ઈકોનોમી, ટ્રેડ અને ઈન્ડસ્ટ્રી તેમજ ભારતની ટેકનીકલ કોર્સિસને માન્યતા આપતી સંસ્થા 'એન.સી.વી.ટી.'ની માન્યતા ધરાવતા આઠ જેટલા આઈટીઆઈ કક્ષાના કોર્સિસમાં આ વર્ષે ૪૦૦ વિદ્યાર્થીઓને એડમિશન અપાયા છે. અત્યંત આધુનિક અને જાપાનના મારૂતિના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં વપરાતા હોય તેવા ઊંચી ગુણવત્તા ધરાવતા લગભગ દસ કરોડના ઈક્વિપમેન્ટસ મારૂતિ-સુઝુકીએ ગણપત યુનિવર્સિટી ખાતે ઉભા કરાયેલા જિમને પુરા પાડ્યા છે.

સમગ્ર દેશમાં ચાર રાજ્યોમાં મળીને દસ જેટલા વિકસાવવા ધારેલા 'જિમ'ની શ્રેણીમાં આ સૌપ્રથમ જિમ છે. ફિટર, ઈલેક્ટ્રીશિયન, મિકેનિક ડિઝલ, વેલ્ડર, મિકેનિક મોટર વેહિકલ, મિકેનિક ઓટોબોડી પેઈન્ટિંગ, મિકેનિક ઓટોબોડી રિપેર અને ડ્રાઈવર કમ મિકેનિક નામના આઠ કોર્સમાં ચૂનંદા વિદ્યાર્થીઓને જાપાન મેન્યુ. પદ્ધતિ જેવી આધુનિક તાલિમ મારૂતિ સુઝુકીના અનુભવી નિષ્ણાતો દ્વારા અપાશે અને સુરક્ષા, ગુણવત્તા અને અંગ્રેજી ભાષાના જ્ઞાન ઉપર વિશેષ ધ્યાન અપાશે. દેશની કોઈ પણ આઈટીઆઈ આટલી આધુનિક, સુસજ્જ એ એન.સી.વી.ટી. ઉપરાંત જાપાન સરકારની માન્યતા ધરાવતી પણ ભાગ્યે જ હશે એ નિઃશંક છે.

મોડાસા ડિગ્રી ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી બી.એમ. શાહ કોલેજ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, મોડાસા ડિગ્રી ફાર્મસીમાં અભ્યાસ કરતા સેમેસ્ટર-૭ના વિદ્યાર્થીઓ વિવેક રામાણી, વિમલ પટેલ અને કુ. જૈની પટેલ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આયોજિત ગાંધીનગર ખાતે યોજાયેલ ફાર્મા વિઝન-૨૦૧૭માં ક્વિઝ કોમ્પિટીશનમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને કોલેજના ગૌરવમાં વધારો કરેલ છે. જે બાબતે મંડળના પ્રમુખ નવીનચંદ્ર મોદી, પ્રભારી મંત્રી ડૉ. ઘનશ્યામભાઈ શાહ, આચાર્ય તથા તમામ સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

કંપની સમાચાર

આઇસીઆઇસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડનો આઇપીઓ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ને શુક્રવારે ખુલશે

૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ને મંગળવારે બંધ થશે : પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. ૬૫૧ (નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ)થી રૂ. ૬૬૧ (નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ) નક્કી કરવામાં આવી

અમદાવાદ, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૭: આઇસીઆઇસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ ('કંપની' અથવા 'ઇશ્યૂઅર')એ ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ આઇપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ૮૬,૨૪૭,૧૮૭ ઇક્વિટી શેર (''ઇક્વિટી શેર'') ઓફર થશે, જેમાં આઇસીઆઇસીઆઈ બેંક લિમિટેડ (''આઇસીઆઇસીઆઈ બેંક'' અથવા ''પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'') દ્વારા ૩૧,૭૬૧,૪૭૮ ઇક્વિટી શેરનાં વેચાણની ઓફર અને એફએએલ કોર્પોરેશન (''એફએએલ'' અથવા ''ઇન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર'' અને સંયુક્તપણે પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર, ''સેલિંગ શેરહોલ્ડર્સ'') દ્વારા ૫૪,૪૮૫,૭૦૯ ઇક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે તેમજ આઇસીઆઇસીઆઈ બેંકનાં શેરધારકો દ્વારા ખરીદી માટે ૪,૩૧૨,૩૫૯ ઇક્વિટી શેર સુધીની રિઝર્વેશન સામેલ છે (મહારાષ્ટ્ર, મુંબઈમાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝમાં કંપનીએ ૬ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ રજિસ્ટર કરેલ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (''આરએચપી'')માં પરિભાષિત પરિભાષાઓ અને શબ્દાવલી મુજબ). આ ઓફરમાં ૧૯.૦૦ ટકા પોસ્ટ-ઓફર પેઇડ-અપ ઇક્વિટી શેર કેપિટલ સામેલ હશે અને નેટ ઓફર પોસ્ટ-ઓફર પેઇડ-અપ ઇક્વિટી શેર કેપિટલનો ૧૮.૦૫ ટકા હિસ્સો સામેલ હશે. ઓફરની પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૬૫૧થી રૂ. ૬૬૧ નક્કી કરવામાં આવી છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

''ઓ... હો... હજુ એ જ રણકો છે..!''

''હા... સાહેબ... હા... સેવા એ અમારો સંકલ્પ છે... સત્તા તો માધ્યમ છે..! અને એટલે જ પ્રજા અમારી પડખે છે..! પ્રજા સાચી અને ખોટી વાત સમજે છે. પણ... હા...''

''બસ એજ..!! એ પણ હા... તમારા મોં એ થી નીકળ્યું ને એ ગમ્યું..!! ટીકા અને ટકોર સાંભળવી જોઈએ... સમજવી જોઈએ... અને એમાંથી સારપ લઈ અભિગમમાં સુધારો કરવો જોઈએ..! બસ આટલું થાય... તો... બેડો પાર..!!''

''હં...અ... કોઈ વ્યક્તિ કે પક્ષનો નહિ... લોકશાહીનો બેડો પાર... ભારત-મા નો બેડો પાર..!!''

- નિમિત્ત માત્ર

મંગલાચરણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મુજબ આ પ્રોજેક્ટ દ્વારા દેશના ઇતિહાસમાં પ્રથમ વખત કોઇ પ્રોજેક્ટને આટલી સુવિધાપૂર્ણ અને આકર્ષક નાણાં સહાય મળી રહી છે. આ સમગ્ર પ્રોજેક્ટનો અંદાદિત ખર્ચ રૂપિયા એક લાખ કરોડથી વધુનો થાય છે. આ પ્રોજેક્ટના ૮૦ ટકા નાણાં સહાય જાપાન સરકાર આપી રહી છે. લાખો પ્રવાસીઓ વધુ ઝડપથી અમદાવાદ અને મુંબઈ વચ્ચે પ્રવાસ કરી શકે તે હેતુસર આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ તરીકે આને જોવામાં આવે છે. આ પ્રોજેક્ટને ૨૦૨૨ સુધી અમલી કરવાની યોજના મોદી ધરાવે છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અદમ્ય ઈચ્છા છે કે આ બુલેટટ્રેન વર્ષ-૨૦૨૨મા જ જે સમયે ભારત આઝાદીના ૭૫ વર્ષ પુરા કરે એ સમયે દોડતી થઈ જાય. આ પ્રોજેક્ટની ડેટલાઈન વર્ષ-૨૦૨૩ રાખવામા આવી છે.આ પ્રોજેક્ટ પાછળ થનારા કુલ ખર્ચ પેટે જાપાન તરફથી રૂપિયા ૮૮,૦૦૦ કરોડની લોન ભારતને ૦.૧ ટકાના નહીવત વ્યાજ સાથે આપવામા આવનાર છે. જે ભારતે ૫૦ વર્ષમા પરત કરવાની રહેશે.

હાલમાં ખુબ જ વ્યસ્ત રહેતા મુંબઈથી અમદાવાદ કે અમદાવાદથી મુંબઈ ટ્રેન માર્ગે પહોંચવામા સાત કલાક જેટલો સમય લાગે છે એના બદલે આ બુલેટ ટ્રેન શરૂ થયા બાદ માત્ર ત્રણ કલાકના સમયગાળામા પહોંચી જવાશે.શરૂઆતના સ્ટેજમા આ બુલેટ ટ્રેનમાં ૧૦ કાર રાખવામા આવશે જેના દ્વારા એક સાથે ૭૫૦ લોકો અવર જવર કરી શકશે.પાછળથી તેની ક્ષમતામા વધારો કરીને ૧૨૦૦ લોકો બેસી શકે એ પ્રકારેનુ આયોજન કરવામા આવ્યુ છે.પ્રોજેક્ટને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુબ ઉત્સાહિત છે તેમની ઈચ્છા છે કે વર્ષ-૨૦૨૨માં ભારત તેની

આઝાદીના ૭૫ વર્ષ પુરા કરવા જઈ રહ્યુ છે એજ વર્ષમાં ઓગસ્ટ માસમા આ બુલેટ ટ્રેન બંને શહેરો વચ્ચે દોડતી થઈ જાય. આ ટ્રેનની ઝડપ પ્રતિ કલાકના ૩૨૦ થી ૩૫૦ કિલોમીટરની હશે.આ બુલેટ ટ્રેન મુંબઈના બાંદ્રા-કુર્લા કોંપલેક્ષથી ઉપડી થાણે,વિરાર, વાપી, સુરત,ભરૂચ,વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સ્ટેશન ખાતે પહોંચશે.સૂત્રોના કહેવા મુજબ,હાલ ભાડાના દર નકકી કરવામા આવ્યા નથી આમછતાં પણ રૂપિયા ૨૭૦૦થી ૩,૦૦૦ સુધીના દર રાખવામા આવી શકે છે.આ સાથે જ ટ્રેન અંગેના જરૂરી તમામ પાર્ટસ ભારતમા મેઈક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ તૈયાર કરવામા આવશે જેમા જાપાનના નિષ્ણાતો ટેકનીકલ મદદ કરશે. આ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ભૂમિ પુજનની સાથે સાથે આવતીકાલે વડાપ્રધાન મોદી અને શિન્ઝોના કેટલાક અન્ય કાર્યક્રમો પણ છે. જેમાં ભૂમિ પુજન બાદ બન્ને નેતા ગાંધનીગર મહાત્માં મંદિર ખાતે પહોંચનાર છે. મહાત્મા મંદિર ખાતે દાંડી કુટિરની મુલાકાત લેનાર છે. જેમાં રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીના જીવન ચારિત્ર્યને લગતી ઓડિયો વિજ્યુઅલ આંખીનુ ભવ્ય પ્રદર્શન કરવામાં આવનાર છે. તેને રસપ્રદરીતે નિહાળીને ગાંધીજીના જીવન ચરિત્રને સમજવાના પ્રયાસ કરવામાં આવનાર છે. ત્યારબાદ જાપાનના ડેલિગેશન સાથે પ્રતિનિધીસ્તરની મંત્રણા થનાર છે. બિઝનેસ ઈવેન્ટ સહિતના જુદા જુદા બિઝનેસને લગતા કાર્યક્રમ યોજાશે. જેમાં મોટી સમજુતીઓ બન્ને દેશો વચ્ચે કરવામાં આવી શકે છે. આમાં બન્ને વડાપ્રધાન હાજર રહેશે. ત્યારબાદ સાંજે સાયન્સ સીટીની મુલાકાત લઈને એજ દિવસે મોદી નવી દિલ્હી જવા અને અબે ટોકિયો જવા રવાના થનાર છે. નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો અબેની બે દિવસની ઐતિહાસિક અને હાઈપ્રોફાઈનલ અમદાવાદ અને ગાંધીનગર યાત્રા આજથી શરૂ થઈ હતી.

ઠંડક પ્રસરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે વરસાદ હાથતાળી આપી ગયો હતો. પરંતુ મોસમનો મિજાજ બદલાયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૪ ડીગ્રી રહયુ હતુ. જો કે શહેરના જુના સેકટરોમાં વરસાદનુ ભારે ઝાપટુ વરસ્યુ હતુ. વરસાદી ઝાપટા સાથે પવનનુ જોર પણ વધારે હોવાથી નગરમાં કેટલાક ઠેકાણેથી હોર્ડીંગ્સ પણ પડી ગયા હતા.

:: જાહેર નિવિદા ::

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત નવી ફળી (બસ્કાદંતી) જળ અને સ્વચ્છતા સમિતિ અને વાંદાવાળી ફળી (સુરદેવી) જળ અને સ્વચ્છતા સમિતિ તા.મેઘરજ મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગગ.વ્ય.બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવતા ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી. થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

(૧)	નવી ફળી જળ અને સ્વચ્છતા સમિતિ - બસ્કાદંતી ૨૦૦૦૦ લીટર જમીનતળની ટાંકી	૨૯૨૩૦૫.૬૧
(૨)	વાંદાવાળી ફળી જળ અને સ્વચ્છતા સમિતિ - સુરદેવી ૨૦૦૦૦ લીટર જમીનતળની ટાંકી	૨૯૨૩૦૫.૬૧

પ્રત્યેક ટેન્ડરની ફી રૂા.૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૯/૦૯/૨૦૧૭ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ, તથા બેંક સોલ્વસી પ્રમાણપત્ર અને પાનકાર્ડ નકલ રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તા.૨૫/૦૯/૨૦૧૭ છે તથા ટેન્ડર ખોલવાની તા.૨૯/૦૯/૨૦૧૭ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી નવી ફળી (બસ્કાદંતી) જળ અને સ્વચ્છતા સમિતિ અને વાંદાવાળી ફળી (સુરદેવી) જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજૂર કે રદ કરવાનો અબાધીત અધિકાર સમિતિનો રહેશે.

: ટેન્ડર મોકલવાનું સરનામું :

(૧) અધ્યક્ષશ્રી, નવીફળી અને જળ અને સ્વચ્છતા સમિતિ, ગામ : બસ્કાદંતી, રામગઢી પંચાયત, તા.મેઘરજ, જી.અરવલ્લી.

(૨) અધ્યક્ષશ્રી, વાંદાવાળી ફળી જળ અને સ્વચ્છતા સમિતિ, ગામ : સુરદેવી, રામગઢી પંચાયત, તા.મેઘરજ, જી.અરવલ્લી.